વિષય : સામાજિક વિજ્ઞાન   ધોરણ : 10   **Practise Paper - 5**   તારીખ : 10-02-2018   કુલગુણ : 100

***Part - A***

**સૂચનાઓ :**

⊙ *આ પ્રશ્નપત્રના ભાગ–A માં હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. બધા જ 50 પ્રશ્નો ફરજિયાત છે.*

⊙ *પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ● ઘટ્ટ કરવાનું રહેશે.*

■ **દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો :** *[પ્રત્યેકનો 1 ગુણ]* ***[50]***

**1)** નીચેનું સ્થાપત્ય શું દર્શાવે છે ?



**[A]** સોમનાથનું મંદિર **[B]** કોણાર્કનું સૂર્યમંદિર **[C]** મોઢેરાનું સૂર્યમંદિર **[D]** મહાબલિપુરમ્‌નું રથમંદિર

**2)** ડાંગમાં ક્યું નૃત્ય જોવા મળે છે ?

**[A]** ધમાલ **[B]** મેરાયો **[C]** પઢાર **[D]** માળીનો ચાળો

**3)** સ્તૂપના અંડાકાર ભાગની ટોચની ચારે બાજુ આવેલી રેલિંગને શું કહે છે ?

**[A]** મહેરાબ **[B]** હર્મિકા **[C]** મેધિ **[D]** તોરણ

**4)** શંકરાચાર્યની મુખ્ય રચના કઈ છે ?

**[A]** શાંતિપુરાણ **[B]** આદિપુરાણ **[C]** શંકરપુરાણ **[D]** ભાષ્ય

**5)** શાલિહોત્રે ક્યો પ્રખ્યાત ગ્રંથ લખ્યો છે ?

**[A]** હસ્તી આયુર્વેદ **[B]** અશ્વ આયુર્વેદ **[C]** શાલિહોત્રીય **[D]** અશ્વશાસ્ત્ર

**6)** યુનેસ્કોએ વૈશ્વિક વારસાનાં સ્થળોમાં ભારતનાં કેટલાં સ્થળોને સમાવિષ્ટ કર્યાં છે ?

**[A]** 32 **[B]** 35 **[C]** 38 **[D]** 42

**7)** નીચે આપેલાં જોડકાં લક્ષમાં લઈ ચાર વિકલ્પો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો :

| 'અ' | 'બ' |
|---|---|
| 1. શ્રી હેમચંદ્રાચાર્ય ગ્રંથાલય | a. ભોપાલ |
| 2. પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ | b. હૈદરાબાદ |

| | |
|---|---|
| 3. સાલારજંગ સંગ્રહાલય | c. મુંબઈ |
| 4. રાષ્ટ્રીય માનવ સંગ્રહાલય | d. પાટણ |

[A] (1-d), (2-c), (3-b), (4-a)
[B] (1-d), (2-b), (3-c), (4-a)
[C] (1-d), (2-c), (3-a), (4-b)
[D] (1-d), (2-a), (3-b), (4-c)

8) સંસાધનોના વર્ગીકરણમાં ક્યા એક પ્રકારના સંસાધનનો સમાવેશ થતો નથી ?
[A] માલિકીના આધારે [B] પુન:પ્રાપ્યતાને આધારે [C] વિતરણક્ષેત્રને આધારે [D] ઉપયોગિતાના આધારે

9) મણિપુરમાં જોવા મળતી એક વિશિષ્ટ હરણની પ્રજાતિ માટે કઈ પરિયોજના અમલમાં છે ?
[A] મણિપુર હંગુલ પરિયોજના
[B] મણિપુર લાલ પાંડા પરિયોજના
[C] મણિપુર થામિલ પરિયોજના
[D] મણિપુર નામિલ પરિયોજના

10) નીચે આપેલા ખેતીના પાકો તથા તેમના ઉત્પાદન પ્રદેશથી ક્યું જોડકું અલગ પડે છે ?
[A] ઘઉં – ભાલનો પ્રદેશ
[B] કપાસ – સોનેરી પાનનો મુલક
[C] તમાકુ – ચરોતર પ્રદેશ
[D] શેરડી – દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર

11) નીચે રજૂ થયેલ ચિત્ર ધ્યાનથી નિહાળો : સ્તંભ શિલ્પકલાનો શ્રેષ્ઠ નમૂનો સારનાથનો સ્તંભ છે. નીચે પૈકી કઈ બાબત ઉક્ત સ્તંભમાં અંકિત કરેલ નથી ?



[A] સાત સૂંઢવાળો ઐરાવત
[B] બ્રાહ્મી લિપિમાં કોતરાયેલ લખાણ
[C] ચાર ધર્મચક્રો
[D] પરસ્પર અડકીને ઊભેલા ચાર સિંહો

12) ભારતને સૌથી મોટો બાયોગૅસ પ્લાન્ટ ક્યા ગામે સ્થાપવામાં આવ્યો છે ?
[A] સિદ્ધપુરમાં [B] દાંતીવાડામાં [C] પાટણમાં [D] મેથાણમાં

13) નીચેનામાંથી ક્યો ઉદ્યોગ કૃષિ–આધારિત ઉદ્યોગ છે ?
[A] ખાદ્ય તેલ બનાવવું
[B] હવાઈ જહાજો બનાવવાં
[C] સાબુ અને વૉશિંગ પાઉડર બનાવવા
[D] દવાઓ બનાવવી

14) નીચેના પૈકી ક્યા દેશને ભારતનો રાષ્ટ્રીય ધોરી માર્ગ જોડતો નથી ?
[A] બાંગ્લાદેશ [B] પાકિસ્તાન [C] ચીન [D] ભૂતાન

15) નીચેનાં જોડકાંમાં ક્યું એક જોડકું ખોટું છે ? જણાવો.
[A] શિક્ષણ, આરોગ્ય વગેરે – સેવાક્ષેત્ર
[B] ગંજાવર યંત્રોનું ઉત્પાદન – માધ્યમિક ક્ષેત્ર
[C] ખેતી, પશુપાલન વગેરે – પ્રાથમિક ક્ષેત્ર
[D] નોકરીઓ વગેરે – રોજગાર ક્ષેત્ર

16) આર્થિક ઉદારીકરણના જે લાભો મળ્યા છે, તેમાં નીચેનામાંથી ક્યો લાભ મળ્યો નથી ?
[A] ઔદ્યોગિક ઉત્પાદનમાં વધારો થયો છે.
[B] વિદેશી હૂંડિયામણની અનામતો વધી છે.
[C] ભાવવધારો અંકુશમાં આવ્યો છે.
[D] આવકની અસમાનતામાં વધારો થયો છે.

17) UNDP - 2015ના રિપૉર્ટ મુજબ ભારતમાં ઈ.સ.2011-12માં કુલ 26.93 કરોડ ગરીબોમાંથી શહેરી ક્ષેત્રે કેટલા કરોડ લોકો

ગરીબીરેખા નીચે જીવતા હતા ?

[A] 5.28 [B] 29.8 [C] 32.7 [D] 12.50

18) ગ્રાહક સુરક્ષા હેઠળ નીચેનામાંથી કઈ સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી ?

[A] કૃષિ સેવા [B] પોલીસ સેવા [C] બૅન્કિંગ સેવા [D] વીજસેવા

19) ઈ.સ. 2010થી માનવવિકાસ આંક માટે અપેક્ષિત આયુષ્ય આંકમાં મહત્તમ અને ન્યૂનતમ કેટલાં વર્ષ નિર્ધારિત કરવામાં આવ્યાં છે ?

[A] 80; 20 [B] 81; 18 [C] 83.6; 20 [D] 78; 24

20) કઈ સાલ પછી જમ્મુ–કશ્મીરમાં આતંકવાદ વધી ગયો છે ?

[A] ઈ.સ. 1988માં [B] ઈ.સ. 1962માં [C] ઈ.સ. 1971માં [D] ઈ.સ. 1998માં

21) 'આંતરરાષ્ટ્રીય વૃદ્ધ વર્ષ'ની ઘોષણા કોણે કરી હતી ?

[A] વિશ્વબૅન્કે [B] યુનેસ્કોએ [C] વિશ્વ–આયોગ્ય સંસ્થાએ [D] સયુક્ત રાષ્ટ્રોએ

22) દિલ્લી પાસે ક્યા સમ્રાટે 24 ફૂટ ઊંચો લોખંડનો વિજયસ્તંભ ઊભો કરાવ્યો હતો ?

[A] અશોકે [B] સમુદ્રગુપ્તે

[C] ચંદ્રગુપ્ત બીજાએ (વિક્રમાદિત્યે) [D] ચંદ્રગુપ્ત પહેલાએ

23) ડાંગરના ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ સ્થાને ક્યો દેશ છે ?

[A] ચીન [B] યૂ. એસ. એ. [C] ભારત [D] જાપાન

24) તમિલનાડુમાં સુતરાઉ કાપડ ઉદ્યોગનાં કેન્દ્રો ક્યાં છે ?

[A] મદુરાઈ, હૈદરાબાદ [B] કોઈમ્બતૂર, બેંગલૂરુ [C] ચેન્નઈ, ધારવાડ [D] કોઈમ્બતૂર, ચેન્નઈ

25) ભારતની રસાયણવિદ્યાનો ઉત્તમ નમૂનો ક્યો છે ?

[A] પદ્મપાણિ, અજંતા [B] વિજયસ્તંભ, દિલ્લી [C] સારનાથનો સ્તંભ [D] ગોપુરમ્, મદુરાઈ

26) નીચેનાં વિધાનો પૈકી ક્યું વિધાન ખોટું છે તે જણાવો.

[A] બૃહદેશ્વર મંદિરની ઊંચાઈ 200 ફૂટ છે. [B] સારનાથનો સ્તંભ શિલ્પકલાનો શ્રેષ્ઠ નમૂનો છે.

[C] જૂનાગઢમાં સાત ગુફાસમૂહ આવેલા છે. [D] બૌદ્ધ સ્તૂપો સ્થાપત્યકલાનો અમૂલ્ય વારસો છે.

27) ભારતમાં નીચેના પૈકી ક્યા રાજ્યમાં બેરોજગારીનું પ્રમાણ ઊંચું છે ?

[A] હરિયાણા [B] ગુજરાત [C] સિક્કિમ [D] કર્ણાટક

28) એક વેપારી કાળાબજાર દ્વારા ઊંચી કિંમત વસૂલ કરીને વધુ નફો પ્રાપ્ત કરવા માટે કઈ અસામાજિક પ્રવૃત્તિ આચરે છે ?

[A] જાહેરખબરો આપીને [B] વધુ વજન આપીને [C] અધૂરી માહિતી રજૂ કરીને [D] કૃત્રિમ અછત ઊભી કરીને

29) માહિતી મેળવવાના અધિકાર બાબતનો અધિનિયમ - 2005 (RTI-2005) ક્યા રાજ્યને લાગુ પડતો નથી ?

[A] સિક્કિમ [B] અરુણાચલ પ્રદેશ [C] કેરલ [D] જમ્મુ–કશ્મીર

30) ભારતીય સંસ્કૃતિમાં ...

[A] પીપળો, વડ અને તુલસીને પવિત્ર ગણીને પૂજવામાં આવે છે.

[B] લીમડો, આંબો અને આસોપાલવને પવિત્ર ગણવામાં આવે છે.

[C] મહુડો, ખીજડો અને ખજૂરીને પવિત્ર ગણવામાં આવે છે.

[D] ઉપરનાં વૃક્ષો પૈકી એકેય વૃક્ષ પવિત્ર ગણાતું નથી.

31) ક્યા સમ્રાટના આશ્રયથી વારાણસીનો સારનાથ મઠ પ્રસિદ્ધ વિદ્યાધામ બન્યો હતો ?

[A] સમુદ્રગુપ્ત [B] વિષ્ણુગુપ્ત [C] અશોક [D] કુમારગુપ્ત

32) ઉદ્યોગના ધુમાડાથી દૂધ જેવા શ્વેત સંગેમરમરના તાજમહાલનો રંગ થયો છે.

[A] પીળો [B] સફેદ [C] કાળો [D] રાખોડી

33) ભૂમિ, જળ, ગોચર વગેરે વિતરણક્ષેત્ર મુજબ ક્યા પ્રકારનું સંસાધન કહેવાય ?

[A] સામાન્ય સુલભ સંસાધન [B] એકલ સંસાધન [C] સર્વસુલભ સંસાધન [D] વિરલ સંસાધન

34) પેરિયાર શું છે ?

[A] ખાનગી વન્ય જીવ ક્ષેત્ર [B] રાષ્ટ્રીય ઉદ્યાન [C] જૈવ આરક્ષિત ક્ષેત્ર [D] અભયારણ્ય

35) ભારતમાં સ્વાતંત્ર્ય બાદ સિંચાઈ – ક્ષેત્ર વધીને કેટલું થયું છે ?

[A] દોઢ ગણું [B] અઢી ગણું [C] ત્રણ ગણું [D] ચાર ગણું

36) પેટ્રોલને સ્થાને કોનો વૈકલ્પિક ઉપયોગ કરી શકાય ?

[A] સી.એન.જી.નો [B] પી.એન.જી.નો. [C] એસ.એન.જી.નો [D] ટી.એન.જી.નો

37) ભારતમાં સૌથી લાંબો રાષ્ટ્રીય ધોરી માર્ગ ક્યો છે ?

[A] 3 નંબરનો [B] 8 નંબરનો [C] 7 નંબરનો [D] 15 નંબરનો

38) દેશના કેટલા ટકા કરતાં પણ વધુ લોકો રોજગારી માટે ખેતી પર આધાર રાખે છે ?

[A] 50 % [B] 40 % [C] 70 % [D] 60 %

39) સ્ટૉકહોમ શહેર ક્યા દેશમાં આવેલું છે ?

[A] નૉર્વેમાં [B] ગ્રેટ બ્રિટનમાં [C] સ્વિડનમાં [D] પોલૅન્ડમાં

40) માનવવિકાસ આંકમાં ભારતનો સમાવેશ ક્યા જૂથના માનવવિકાસ ધરાવતા દેશોમાં થાય છે ?

[A] ઉચ્ચતમ [B] ઉચ્ચ [C] નિમ્ન [D] મધ્યમ

41) લઘુમતી વર્ગોના કલ્યાણ તેમજ વિકાસ માટે ક્યા પંચની સ્થાપના કરવામાં આવી છે ?

[A] રાષ્ટ્રીય લઘુમતી પંચ [B] રાષ્ટ્રીય આયોગ [C] બક્ષીપંચ [D] માંડલ આયોગ

42) ભારતનું ક્યું શહેર ઈલેકટ્રૉનિક ઉદ્યોગની રાજધાની ગણાય છે ?

[A] દિલ્હી [B] બેંગલૂરુ [C] મુંબઈ [D] હૈદરાબાદ

43) ભારતના ક્યા શલ્યચિકિત્સકે વાઢકાપ–શસ્ત્રક્રિયાનાં ધારદાર સાધનો જણાવ્યાં છે ?

[A] મહર્ષિ સુશ્રુતે [B] મહર્ષિ ચરકે [C] મહર્ષિ શાલિહોત્રે [D] મહર્ષિ વાગ્ભટ્ટે

44) કઈ ખેતીમાં ખેતીની સાથે સાથે પશુપાલન, મરઘાં–બતકાં ઉછેર, મધમાખી અને મત્સ્ય ઉછેર જેવી પ્રવૃત્તિ કરવામાં આવે છે ?

[A] સ્થળાંતરિત ખેતીમાં [B] બાગાયતી ખેતીમાં [C] મિશ્ર ખેતીમાં [D] સજીવ ખેતીમાં

45) ભારતમાં કેટલા પ્રકારના રેશમનું ઉત્પાદન થાય છે ?

[A] ચાર [B] બે [C] ત્રણ [D] છ

46) ભાગાકારની આધુનિક પદ્ધતિ, ગુણાકાર, ભાગાકાર, સરવાળા, વર્ગમૂળ, વ્યાસનો ગુણોત્તર વગેરે બાબતોની જાણકારી કોણે આપી હતી ?

[A] વરાહમિહિરે [B] આર્યભટ્ટે [C] બ્રહ્મગુપ્તે [D] ભાસ્કરાચાર્યે

47) 'ઢાઈ દિન કા ઝોંપડા' એ શું છે ?

[A] મહેલ [B] મસ્જિદ [C] મંદિર [D] દેવળ

48) આઝાદી પછીનાં વર્ષોમાં ગ્રામીણ ક્ષેત્રે ખેતીનો વિકાસ કરવા માટે કઈ ક્રાંતિનું લક્ષ્ય રાખ્યું હતું ?

[A] 'અવકાશ ક્રાંતિ' [B] 'હરિયાળી ક્રાંતિ' [C] 'શ્વેત ક્રાંતિ' [D] 'ઔદ્યોગિક ક્રાંતિ'

49) ભાવવધારાને અંકુશમાં રાખવાની વ્યૂહરચનાનું એક પગલું તે ...

[A] ઉદારીકરણ [B] રાષ્ટ્રીયકરણ [C] જાહેર વિતરણ પ્રણાલી [D] સરકારી નિયંત્રણો

50) મફત શિક્ષણ મેળવવાના કાયદામાં કઈ બાબતો પર મનાઈ ફરમાવી છે ?

[A] જન્મના દાખલા વગર પ્રવેશ [B] ખાસ તાલીમની સુવિધા [C] પ્રવેશ કસોટી વિના પ્રવેશ [D] પ્રવેશ સમયે કેપિટેશન ફિ

## *Part - B*

**સૂચનાઓ :**

- *બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.*
- *નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.*

### *[વિભાગ – A]*

■ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો :** *[પ્રત્યેકનો2 ગુણ]*

1) ભારતના રાષ્ટ્રીય જળમાર્ગો ક્યા ક્યા છે ?

2) ભારતમાં રજ્જુ માર્ગો (Ropeways) વિશે માહિતી આપો.

**અથવા**

2) "ભારતે વિશ્વમાં 'वसुधैव कुटुम्बकम्'ની ભાવનાને સાકાર કરી છે." આ વિધાન સમજાવો.

3) માથાદીઠ આવક વધે એટલે માનવવિકાસ વધ્યો એમ કહેવાય નહિ. – કારણ આપી સમજાવો

4) વિજયનગરનો ક્યો સમ્રાટ સાહિત્યનો ઉપાસક હતો ? કઈ રીતે ?

5) ભૌગોલિક કારણો આપો : જમીનમાર્ગો કરતાં જળમાર્ગો સસ્તા છે.

### *[વિભાગ – B]*

■ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો :** *[પ્રત્યેકનો2 ગુણ]*

6) ભૌગોલિક કારણો આપો : માનવી અને ખનીજ સંસાધનોનો જૂનો અને ગાઢ સંબંધ છે.

**અથવા**

6) "બાળવિકાસ અને બાળકલ્યાણ સાધવું એ સામાજિક વિકાસની પૂર્વશરત છે." સમજાવો.

7) ગ્રાહક જાગૃતિ ઝુંબેશ શાથી જરૂરી છે ?

8) ક્યાં ક્યાં શક્તિ–સંસાધનોને 'વ્યાપારી શક્તિ–સંસાધનો' કહેવામાં આવે છે ? 'બિનવ્યાપારી શક્તિ–સંસાધનો' ક્યાં ક્યાં છે ?

**9)** સમ્રાટ અશોકના સ્તંભલેખોમાં ક્યાં ક્યાં સ્થળોના સ્તંભલેખો મુખ્ય છે ?

**10)** નાગરિકોના મૂળભૂત અધિકારો જણાવો.

**અથવા**

**10)** વાજબી ભાવની દુકાનો (FPSS) ભાવવૃદ્ધિનું નિયમન કરે છે. – કારણ આપી સમજાવો

***[વિભાગ – C]***

■ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો :** ***[પ્રત્યેકનો3 ગુણ]***

**11)** ગ્રાહક સુરક્ષામાં ગ્રાહક મંડળોની ભૂમિકા સ્પષ્ટ કરો.

**12)** ઍલિફન્ટાની ગુફાઓ વિશે ટૂંકમાં માહિતી આપો.

**13)** કૃષિક્ષેત્રે આવેલા ટેક્નિકલ અને સંસ્થાગત સુધારની શી અસરો થઈ છે ?

**14)** ક્યાં કારણોસર ભારતમાં કૃષિક્ષેત્રે પૂરતો વિકાસ સાધી શકાયો નથી ?

**અથવા**

**14)** ગરીબીરેખા એટલે શું ? ગરીબીરેખા હેઠળ જીવતા લોકોનાં લક્ષણો જણાવો.

**15)** ઈલોરાની ગુફાઓની મુખ્ય વિશેષતાઓ જણાવો.

**અથવા**

**15)** હુમાયુનો મકબરાનો ટૂંકમાં પરિચય આપો.

***[વિભાગ – D]***

■ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો :** ***[પ્રત્યેકનો5 ગુણ]***

**16)** તાજમહાલ વિશ્વની સાત અજાયબીઓ પૈકીની એક અજાયબી છે. શાથી ?

**17)** પ્રાચીન ભારતનું ધાતુવિદ્યામાં સાધેલી પ્રગતિનું વર્ણન કરો.

**અથવા**

**17)** ટૂંક નોંધ લખો : ગુજરાતની ગુફાઓ

**18)** તમને આપેલા ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે, યોગ્ય સ્થાને દર્શાવો :

1. ગીર રાષ્ટ્રીય ઉદ્યાન
2. શેરડી ઉત્પાદન કરતો એક પ્રદેશ – ઉત્તર પ્રદેશ
3. ઊની કાપડ ઉદ્યોગનું એક કેન્દ્ર – લુધિયાણા
4. શણ ઉત્પન્ન કરતો એક પ્રદેશ

***Don't Stress.***

***Do Your Best.***

***Forget the Rest.***